**આદર્શ નિવાસી શાળા (વિ.જા.) કુમાર, અરવલ્લી માટે મકાન ભાડેથી રાખવાની મંજૂરી આપવા બાબત.**

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2026/0950/A-1 Section**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા. ૩૦/૦૪/૨૦૨૬.**

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૦૯/૦૫/૨૦૨૫ ઠરાવ ક્ર:SJED/NWR/e-file/17/2024/2301/A-1 Section
(૨) આ વિભાગનો તા.૧૯/૦૭/૨૦૨૫નો ઠરાવ ક્ર:SJED/NWR/e-file/17/2024/2301/A-1 Section
(૩) નાણાકીય સત્તા(સોંપણી) નિયમો, ૧૯૯૮.
(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૨/૦૪/૨૦૨૬નો પત્ર ક્ર: DDCW/0384/03/2026.

**આમુખઃ-**

વંચાણે લીધેલ ક્રમ (૧) અને (૨) પરના આ વિભાગના ઠરાવથી આદર્શ નિવાસી શાળા, કન્યા, હિંમતનગર તથા આદર્શ નિવાસી શાળા, કુમાર, અરવલ્લી ખાતે શરૂ કરવા રૂ.૧.૮૪ કરોડની નવી બાબતની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૩) પરના પત્રથી આદર્શ નિવાસી શાળા (વિ.જા.) કુમાર, જિ.અરવલ્લી માટે (૧) શાહ કિરણકુમાર રમેશચંદ્ર અને (૨) શાહ પ્રજ્ઞાબેન કિરણકુમાર, મોડાસાની સંયુક્ત માલિકીના સર્વે નં.૩, પ્લોટ નં.૨૫ થી ૨૬ અને પ્લોટ નં. ૩ થી ૭, બીજો માળ, ચતુર્ભૂજ કોમ્પલેક્ષ, બેંક ઓફ બરોડાની ઉપર, આસ્થા કેમ્પસ, ગણેશપુરા ચોકડી, તા.મોડાસા, જિ.અરવલ્લી ખાતે આવેલ મકાન માસિક રૂ.૪૯,૬૦૦/- (અંકે રૂપિયા ઓગણપચાસ હજાર છસો પુરા) પ્રમાણે અન્ય સરકારી મકાન ન મળે ત્યાં સુધી ભાડેથી રાખવા માટેની મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે, આદર્શ નિવાસી શાળા (વિ.જા.) કુમાર, જિ.અરવલ્લી માટે (૧) શાહ કિરણકુમાર રમેશચંદ્ર અને (૨) શાહ પ્રજ્ઞાબેન કિરણકુમાર, મોડાસાની સંયુક્ત માલિકીના સર્વે નં.૩, પ્લોટ નં.૨૫ થી ૨૬ અને પ્લોટ નં. ૩ થી ૭, બીજો માળ, ચતુર્ભૂજ કોમ્પલેક્ષ, બેંક ઓફ બરોડાની ઉપર, આસ્થા કેમ્પસ, ગણેશપુરા ચોકડી, તા.મોડાસા, જિ.અરવલ્લી ખાતે આવેલ મકાન માસિક રૂ.૪૯,૬૦૦/- (અંકે રૂપિયા ઓગણપચાસ હજાર છસો પુરા) પ્રમાણે સદરહું મકાનનો કબજો મેળવે તે તારીખથી અન્ય સરકારી મકાન ન મળે ત્યાં સુધી નીચેની શરતોને આધિન ભાડેથી રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

1. જે તારીખે મકાનનો કબજો મેળવવામાં આવે તે તારીખથી મકાનનું ભાડું ચૂકવવાનું રહેશે.
2. આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે
3. આ મકાનમાં આદર્શ નિવાસી શાળાને અનુરૂપ જરૂરી સુધારા-વધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.
4. મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાની રહેશે. તમામ બાથરૂમ/સંડાસ સ્વચ્છ રાખવાની તથા મેઈન્ટેન્સની જવાબદારી મકાન માલિકની રહેશે.
5. મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઇટ, પંખાની પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.
6. મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.
7. આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

8. સદરહું આદર્શ નિવાસી શાળા માટે સરકારી મકાન બાંધકામની હવે પછીની તમામ કાર્યવાહી માર્ગ અને મકાન વિભાગના પરામર્શમાં ઝડપથી પૂર્ણ કરવાની જવાબદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીની રહેશે તથા સરકારી મકાન મેળવવા કાર્યવાહી કરવા/કરેલ કાર્યવાહીની વિગતો નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીએ સત્વરે અત્રે રજુ કરવાની રહેશે.

9. મકાન માલિકે પોતાના ખર્ચે નિયમોનુસાર મકાનમાં જરૂરી ફાયરસેફ્ટી સિસ્ટમ અને સી.સી.ટી.વી. કેમેરા લગાવવા રહેશે તેમજ ફાયરસેફ્ટી અંગેની વખતોવખતની સરકારી ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.

10. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ પર સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૨૦/૦૪/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(દેવ્યાની ઝાલા)**
**સેકશન અધિકારી**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાનાઃ-**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૪) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમરેલી.

(૫) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, અમરેલી [નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત]

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૭) સેકશન અધિકારીશ્રી (કોમ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.

(૮) સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.